ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૬-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

કોંગ્રેસની કવાયત : સોનિયા સક્રિય બને છે

મરણતોલ ફટકો પડ્યા પછી પણ સાચો યોદ્ધો મેદાન છોડતો નથી. કોંગ્રેસ ગત લોકસભાની ચૂંટણીમાં કારકિર્દીના સૌથી નામોશીભર્યા પગથિયે ઊતરી ગઈ છે. જે પાર્ટીનો જનાધાર કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી દિબ્રૂગઢ પર્યંત ફેલાયેલો હતો તે નરેન્દ્ર મોદીની સુનામીમાં માત્ર ચુમાળીસ બેઠકો મેળવી શકી છે. અધિકૃત વિરોધ પક્ષ તરીકે માન્યતા માટે જરૂરી દસ ટકા બેઠકો પણ નહીં મળતાં એ ભારે ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ જવા પામી છે. રાહુલ ગાંધીની યુવા બ્રિગેડની હવા નીકળી ગઈ છે. નહેરુ-ગાંધી પરિવારના વ્યામોહમાંથી પ્રજાને છુટકારો મળી ગયો હોય એવી સ્થિતિ સરજાવા પામી છે. મોટી અપેક્ષાઓ સાથે મોદીની લગોલગ ચૂંટણીસભાઓ સંબોધવા છતાં મા-દીકરાને ચૂંટણી સમરાંગણમાં કારમી હાર સાંપડી છે. આખા ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ ગણીને બે બેઠકો મેળવી શકી છે, તે પણ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પૂરતી જ. સાતેક રાજ્યોમાં કોંગ્રેસનું ખાતું જ નથી ખૂલ્યું અને કોંગ્રેસના પરંપરાગત ગઢ સમાન દક્ષિણનાં રાજ્યોમાં પણ એનો દેખાવ ખૂબ નબળો રહેવા પામ્યો છે. ઉત્તરપૂર્વનાં રાજ્યોમાં પણ એને ફટકો પડ્યો છે. તેલંગાણાને મંજૂરી આપવાનો નિર્ણય આંધ્ર ગુમાવવામાં પરિણમ્યો છે. હરિયાણા જેવા કોંગ્રેસ શાસિત રાજ્યમાં ભાજપને સમર્થન સાંપડ્યું છે અને મહારાષ્ટ્રમાં તો શબ્દશઃ કોંગ્રેસનું નાક જ કપાયું છે. આ કારમી હારની નૈતિક જવાબદારી લઈ પક્ષ પ્રમુખ સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ એમના સંગઠનના હોદ્દાઓ પરથી રાજીનામાં આપવાની દરખાસ્ત કરી હતી પરંતુ પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીએ એમની ઑફર સર્વાનુમતે નકારી કાઢી હતી. કોંગ્રેસની આ જ પરિપાટી રહી છે, જેને કારણે એ વંશાનુગત રાજકારણના વમળમાં ફસાઈ જઈ એનું અસલી પોત ગુમાવી બેઠી છે. એક જ પરિવાર પર આધારિત બની ગયેલી પાર્ટીના થવાલાયક હાલ જ થયા છે. મણિશંકર ઐયર અને જયરામ રમેશ જેવા પ્રબુદ્ધ તથા બોલકા નેતાઓને હાંસિયે ધકેલી દઈ ફરી એકવાર પાર્ટીના પરાજય વિશે પૃથક્કરણ કરવાની જવાબદારી ગાંધી પરિવારના વિશ્વાસુ નેતા એ.કે. એન્ટનીની અધ્યક્ષતાવાળી કમિટીને સોંપવામાં આવી છે. એન્ટની કમિટી દ્વારા એક પછી એક તમામ રાજ્યોના પરાજિત સાંસદોને બોલાવી એમની હાર પાછળનાં કારણો સમજવાની કોશિશ કરાશે અને છેલ્લે એનું તારણ પક્ષ પ્રમુખ સોનિયા ગાંધી સમક્ષ રજૂ કરાશે. ભૂલો સુધારી લેવાની કવાયત થશે અને છેક બૂથ લેવલથી પાર્ટીને નવેસરથી બેઠી કરવાનો પ્રયાસ હાથ ધરાશે. સૌ જાણે છે કે યુપીએ-૨ સરકારની નબળી કામગીરી જ પાર્ટીની હારનું મુખ્ય કારણ છે. પરંતુ કહ્યાગરા કંથ જેવા મૌનીબાબા-અર્થશાસ્ત્રી વડાપ્રધાનને છાવરવાની નીતિ પાર્ટીએ ચાલુ રાખી છે. પાર્ટી ચીલાચાલુ ઢબે હારનું ઠીકરું પ્રદેશ એકમો અને કોંગ્રેસી મુખ્યમંત્રીઓ પર ફોડી ગાંધી પરિવાર તરફથી પ્રજાની સૂગ કે રાહુલ ગાંધીની સરિયામ નાદાની જેવા મુદ્દાઓને નજર અંદાજ કરવા માગતી હોય એમ લાગે છે. કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને દિલ્હી દરબારમાં તેડાવી રાજીનામાં લખાવી લેવાનો ખેલ આરંભાયો છે. પરંતુ હરિયાણા કે હિમાચલ પ્રદેશ જેવાં રાજ્યોમાં વૈકલ્પિક નેતા જ મળવો મુશ્કેલ છે. ઉત્તરાખંડમાં ચૂંટણી અગાઉ મુખ્યમંત્રીપદેથી હટાવાયેલા વિજય બહુગુણા હવે ખાઈ ખપૂચીને ચાલુ મુખ્યમંત્રી હરીશ રાવતની પાછળ પડ્યા છે. આસામમાં વિધાનસભાની ચૂંટણીમાં તરુણ ગોગોઈએ વિજયની હેટ્રિક લગાવી હતી એમાં બાંગ્લાદેશી ઘુસણખોરોના મતદાનનો મોટો ફાળો રહ્યો છે. આ વખતે આસામમાં સળગેલી આગથી કોંગ્રેસી શાસન હચમચી ગયું છે. પરંતુ ગોગોઈનો વિકલ્પ ક્યાં છે ? ગોગોઈએ તો હાઈકમાંડ કશી પડપૂછ કરે એ પહેલાં જ પરાજયની જવાબદારી સ્વીકારી રાજીનામું ધરી દેવાની તૈયારી દર્શાવી હતી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રીની ખુરશી પર ભય તોળાઈ રહ્યો છે. ત્યાં ધારાસભાની ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યા છે અને લોકસભામાં કોંગ્રેસને સમ ખાવા પૂરતી એક બેઠક મળી છે. મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણની જગ્યાએ સુશીલકુમાર શિંદે જેવા દલિત નેતાને અજમાવી કોંગ્રેસ એની ગુમાવેલી વોટબેંક અંકે કરવા મથશે, એવું લાગી રહ્યું છે. શરદ પવાર પણ સુશીલકુમાર શિંદેને મુખ્યમંત્રી બનાવવાની તરફેણમાં છે. શિવસેના-મનસે અને ભારતીય જનતા પાર્ટીના આંતરિક ડખાનો લાભ અંકે કરવામાં પવાર-શિંદેની જોડી કેટલી સફળ થશે એ તો સમય જ કહેશે. પરંતુ કોંગ્રેસના યુવરાજ એમની પ્રકૃતિ મુજબ ખરા તાકડે પલાયન કરી ગયા છે - સંગઠન મજબૂત કરવાની પ્રિય પ્રવૃતિથી વધુ એ કશું જ કરી શકે એમ નથી, તેવા સંજોગોમાં કોંગ્રેસીઓએ ફરી એક વાર સોનિયા ગાંધીના ખોળામાં માથું મૂકી દીધું છે. અગાઉ કોંગ્રેસની ડૂબતી નૈયાને કિનારે લાવી આપનાર સોનિયા ગાંધી કથળેલી તબિયત સાથે પાર્ટીને પુનઃ સ્થાપિત કરવાના દૃઢ સંકલ્પ સાથે સક્રિય થઈ ગયાં છે. કોંગ્રેસને મોદી સરકાર સામે ચાલીને આંદોલન ચલાવવા લાયક મુદ્દાઓની લહાણી કરી રહી છે ત્યારે સોનિયા ગાંધી અને એમના સાગરીતો એનો કેવો અને કેટલો સદુપયોગ કરી શકશે તે જોવું રસપ્રદ બની રહેશે.

જીઈબી કોલોનીમાં તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું

ધો. ૧૦ માં ૭૭ ટકા મેળવનાર દૃષ્ટિહીન વૈભાવ ઝાલાનું મહેમાનોએ બે વખત સન્માન કર્યુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના થર્મલ પાવર સ્ટેશન પાસે આવેલ જીઈબી કોલોનીમાં વર્ષ ૨૦૧૪માં ધોરણ-૧૦ અને ધો. ૧૨ની પરીક્ષામાં યશસ્વી પ્રદર્શન કરનાર તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, ડેપ્યુટી મેયર સુભાષ પાંડવ, સ્થાનિક કોર્પોરેટર હંસાબેન પાંડવ તેમજ થર્મલ પાવર સ્ટેશનના ચીફ ઈજનેર આઈ.એમ. પટેલ સહિત અનેક મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામ અપાયા હતા.

વર્ષ ૨૦૧૪ની ધો. ૧૦ની વાર્ષિક પરીક્ષામાં જીઈબી કોલોની ખાતે ૯૪.૧૬ ટકા સાથે પ્રથમ નંબરે આવનાર હર્ષલ સકસેના, બીજા નંબરે ૯૪.૧૬ ટકા સાથે ઋચિ પટેલ, ત્રીજા નંબરે ૯૨.૬૬ ટકા સાથે ઉમંગ પટેલ તેમજ ધો. ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ નંબરે ૯૨ ટકા સાથે દિપ કાપડીયા, દ્વિતિય નંબરે ૯૧.૦૭ટકા સાથે અમીત ચૌધરી અને તૃતીય નંબરે ૮૯.૦૨ ટકા સાથે હર્ષ શર્માને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રથમ નંબરે ૮૯.૮૫ ટકા સાથે હિના પારેખ, દ્વિતિય સ્થાને ૭૯.૮૫ ટકા સાથે હેતલ નાયી અને તૃતીય નંબરે ૭૯.૮૫ ટકા સાથે જીનલ પ્રજાપતિને જવલંત સફળતા બદલ ઈનામો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૪૦ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. જેમાં એક ખાસ કિસ્સામાં ધો. ૧૦ની પરીક્ષામાં રાઈટરની મદદથી પરીક્ષા આપતા દૃષ્ટિહીન વિદ્યાર્થી વૈભાવ ઝાલાને મહેમાનો દ્વારા બે વખત નવાજવામાં આવ્યો હતો. વૈભાવ ઝાલા ધો. ૫ માં હતો ત્યારથી ધીમે ધીમે દૃષ્ટિહીન થતો ગયો અને ધો. ૧૦ માં રાઈટર સાથે પરીક્ષા આપીને ૭૭ ટકા ગુણ સાથે ઉત્તીર્ણ થયો હતો.

સમગ્ર કાર્યક્રમ ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણાના ચૌજન્યથી કરવામાં આવ્યું હતું. જેનું આયોજન સ્વામી યોગાનંદ વિદ્યાલયના શિક્ષિકા શ્રીમતિ હંસાબેન મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તેજસ્વી તારલાઓ, તેમના વાલીઓ, આમંત્રિત મહેમાનો, થર્મલ પાવર સ્ટેશનના હોદ્દેદારો અને કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

સેક્ટર-૨૬માં આવેલ જયપ્રકાશ વિદ્યાલયમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં ધોરણ-૧ માં ૩૦ અને ધોરણ-૯ માં ૬૦ વિદ્યાર્થીઓને કંકુ તિલક કરી ગોળ-ધાણા ખવડાવી ગળ્યું મોં કરાવી પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ડૉ. કનુભાઈ જોષી નિવૃત્ત આચાર્યના હસ્તે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મનપાના કોર્પોરેટર દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન દક્ષાબેન સુથાર, શંકરસિંહ વિહોલે કર્યું હતું.

હરિની દૃષ્ટિ...

સારું થયું આપણી પાસે ગેસ કનેક્શન નથી, સરકારે ગેસનાં દર મહિને દસ રૂપિયા વધારતા આપણે તો ડબલ બીપીએલ કાર્ડ લેવું પડે...!

રતનપુર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

તાલુકાના રતનપુર પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. રાજ્યના નાણામંત્રી સૌરભ પટેલ દ્વારા બાળકોને પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

રાજ્યમાં ધામધૂમપૂર્વક શાળા પ્રવેશોત્સવ ઉજવાઈ ગયો. રાજ્યની દરેક ગામમાં શાળાઓમાં મંત્રીઓ, અધિકારીઓ દ્વારા આંગણવાડી અને ધોરણ-૧માં નાના ભૂલકાઓને નિશાળના પગથિયા ચઢાવવામાં આવ્યા હતા ત્યારે ગાંધીનગર તાલુકાના રતનપુર પ્રાથમિક શાળામાં રાજ્યમંત્રી સૌરભ પટેલની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીએ આંગણવાડીના બાળકોને રમકડાની કીટ અને ધોરણ-૧ના બાળકોને શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપ મહામંત્રી હિતેષભાઈ પટેલ, તાલુકા સદસ્ય કાળુસિંહ ઠાકોર, યુનિયન બેંક મેનેજર નિલેશભાઈ, ગામના તલાટી, સરપંચ સહિત સદસ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કડી સંચાલિત ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં અધ્યાપકોનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

શહેરમાં સેક્ટર-૨૩માં આવેલ કડી વિશ્વ વિદ્યાલયના ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા સાત દિવસીય અધ્યાપકોનું અધ્યયન વધુ સારૂ બને તે માટે ૪૦ કલાકના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં આવેલ કડી વિશ્વ વિદ્યાલયના ફેકલ્ટી ઓફ એજ્યુકેશન વિભાગ દ્વારા કેમ્પસના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં અધ્યાપકોને ટીચીંગ ટેકનીક, ઈ-કન્ટેન્ટ, ડેવલપમેન્ટ મોટીવેશન, સ્ટુડન્ટ એસેસમેન્ટ એન્ડ ઈવેલ્યુએશન મોડલ ઓફ ટીચીંગ વિષય પર ડૉ. કુસુમબેન યાદવે વિસ્તૃતમાં માહિતી પુરી પાડી હતી.

આ કાર્યક્રમમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયની એ.એ. પટેલ કોમર્સ કોલેજ, નર્સિંગ કોલેજ, એમ.સી.એ. બી.સી.એ. કોલેજ એમ.એમ. પટેલ સાયન્સ કોલેજ, એમ.એસ.સી. આઈ.ટી., વિ.પી.એમ.પી. પોલીટેકનીક, કોલેજોના અધ્યાપકો જોડાયા હતા. તમામ અધ્યાપકોને વર્કશોપમાં ઉપસ્થિત રહેવા બદલ વાઈસ ચાન્સેલર ડી.ટી. કાપડિયાના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

એડવાન્સ શિષ્યવૃત્તિ તેમજ ગણવેશ મદદ સમયસર થશે

અમદાવાદ, તા. ૨૨

અગાઉના વર્ષોમાં શાળાઓના વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ સમયસર ખુલ્યા ન હોવાથી સંખ્યાબંધ લાભાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવામાં ભારે વિલંબ થયો હતો પરંતુ આ વખતે પ્રાથમિક શાળાઓમાં નવા સત્રના પ્રારંભે જ લાભાર્થી વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ મળી જાય તે માટે પ્રવેશોત્સવના સમયગાળા દરમિયાન જ ધોરણ ૧થી ૮ના લાભાર્થી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટમાં જ જમા કરાવી દેવા માટેનું તંત્રએ આયોજન કર્યું છે.

શાળાઓમાં અભ્યાસ કરતા લાભાર્થી વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાયની ચુકવણીમાં ગોટાળા થતાં હોવાની બૂમરાડો ઉઠતી હતી જેને પગલે હવે લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ મારફતે શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય આપવાનું નક્કી કરવામાં આવ્યું છે પરંતુ અગાઉના વર્ષે જિલ્લા શાળાઓના વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ સમયસર ખુલ્યાં ન હોવાથી શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાયની ચુકવણીમાં ભારે વિલંબ થયો હતો. સંખ્યાબંધ વિદ્યાર્થીઓને વર્ષના અંત સુધી શિષ્યવૃત્તિથી વંચિત રહેવું પડ્યું હતું ત્યારે આ વખતે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૧થી ૮ના લાભાર્થી બાળકોને નવા સત્રના પ્રારંભે જ એડવાન્સમાં પ્રવેશોત્સવ વખતે જ બેંક એકાઉન્ટ મારફતે શિષ્યવૃત્તિ આપી દેવામાં આવશે.

વી-કેર દ્વારા યોગ દિવસની ઉજવણી

વી-કેર ફાઉન્ડેશન દ્વારા વર્લ્ડ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. એસ.ટી.ટી.આઈ. ગાંધીનગર સેકટર-૧૨ ખાતે ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને યોગની તાલીમ આપવામાં આવી હતી. શિક્ષકોને આરોગ્યલક્ષી આસન, પ્રાણાયામ, ધ્યાન, સમાધી, લાફીંગ, બેટી બચાવો, વ્યસનમુક્તિ, પર્યાવરણ બચાવો જેવા વિષયો પર પ્રેકટીકલ અને થિયરીકલ માહિતી પુરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે જે.સી. પટેલે સેવાઓ આપી હતી.



સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ દ્વારા ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ખાતે રવિવારથી જીપીએસસીના વિના મૂલ્યે વર્ગો શરુ કરવામાં આવ્યા છે. ૧૨ ઓકટોબર સુધી દર રવિવારે ચાલનારા આ વર્ગમાં ૪૫ જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. આ પ્રસંગે ડો. વરીયા, ડો. વી.એસ. ગઢવી, મહેન્દ્ર ભટ્ટ, જનક ગઢવી, દિપક ત્રિવેદી, પ્રદીપ ગગલાણી ઉપસ્થિત રહ્યા હતા. સર્વે મહાનુભાવોએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ આપી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

મહિલાઓ, કેદીઓ તેમજ આમઆદમીના સંદર્ભની અંદર કેટલાક મહત્ત્વપૂર્ણ ચુકાદાઓ

મહિલા સમાજ અને કાયદો

ડો. ભાવના કે. જોશીપુરા

ગત્ અંકમાં આપણે નરગીસ મીર્ઝા વિરૂધ્ધ એર ઇન્ડિયાના ચુકાદાની ચર્ચા કરી. આ અંકમાં આપણે દહેજ - મૃત્યુ સંદર્ભે વિવિધ અદાલતોનું તારણ તેમજ મહિલાઓ, કેદીઓ તેમજ આમઆદમીના સંદર્ભની અંદર કેટલાક મહત્વપૂર્ણ ચુકાદાઓ અંગે ચર્ચા કરવાના છીએ.

સર્વોચ્ચ અદાલતે તથા અલગ અલગ રાજયની વડી અદાલતોએ અલગ અલગ ચુકાદાઓમાં આ કલમ અંતર્ગત સજા અંગે તથા આ કલમનું અર્થઘટન કઈ રીતે કરવામાં આવ્યું છે તે સ્પષ્ટ રીતે કરવામાં આવ્યું છે. આ પ્રકારના ચુકાદાઓ આંધ્રપૂદેશ હાઈકોર્ટનો ચુકાદો એ અતિ રસપૂદ અને ધ્યાન ખેંચે તેવો છે. આંદ્રોપ્રદેશ હાઈકોર્ટના આ ચુકાદામાં હાઈકોર્ટ રખાત પ્રત્યેની દ્વષ્ઠરતાને પણ ધ્યાનમાં લીધી છે. વડી અદાલતને એ બાબતની વિશેષ નોંધ લીધેલ છે કે લગ્ન વિધિ ન થઈ હોય પરંતુ પુરૂષ અને સ્ત્રી પતિ-પત્નીના સંબંધોથી સાથે રહેતા હોય તો તેવા પુરૂષને પતિ કહેવાય અને આ પ્રકારના પતિ પણ જો તેની પત્ની (રખાત) પ્રત્યે ક્રૂરતાભર્યું વર્તન કરે તો આ પ્રકારના કેસમાં પતિ શબ્દને મર્યાદિત રીતે સમજવાનો નથી.

ભારત વર્ષની અંદર જાહેર હીત વિવાદ અરજીનો ઈતિહાસ જોવા જઈએ તો, લગભગ ૧૯૮૦ ના દાયકાથી શરૂ થયો છે અને ખાસ કરીને ભારતીય બંધારણમાં પૂયોજાયેલ મૂળભુત અધિકારનું ક્ષેત્ર તથા રાજયનિતિના માર્ગદર્શક સિધ્ધાંતોને સાથે વાંચતા મુળભુત અધિકારો વાસ્તવિક રીતે પૂજાને મદદરૂપ થવા જોઈએ તે બાબતો નિર્ણીત થવા લાગી અને એક પૂકારે જસ્ટીસ ભગવતીનું આ ક્ષેત્રમાં પાયાનું પૂદાન છે.

મહિલાઓ, કેદીઓ તેમજ આમઆદમીના સંદર્ભની અંદર કેટલાક મહત્વપૂર્ણ ચુકાદાઓ :

હુસેનારા ખાતુન કેઈસ - ૧૯૮૦ ફર્સ્ટ સુપિમ કોર્ટ કેઈસીઝ : આ કેસની અંદર ખાસ કરીને સર્વોચ્ચ અદાલત સમક્ષ રક્ષીત ગૃહોના સંદર્ભમાં અન્ડર ટ્રાયલ કેદીઓ માટે અને વુમન ટ્રાફીકીંગના સંદર્ભની અંદર જાહેર હીતની અરજી કરવામાં આવી હતી અને ખાસ કરીને ભારતીય બંધારણના અનુચ્છેદ - ૨૧ અંતર્ગત જીવન જીવવના અધિકારના સંદર્ભની અંદર સર્વોચ્ચ અદાલતે પૂત્યેકના સંદર્ભની અંદર લાંબાગાળાની અસર પાડતી માર્ગદર્શીકા બહાર પાડેલ છે.

શીલા બારસે વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૧૯૮૩-૨ સુપિમ કોર્ટ કેઈસીઝ ૯૬) :

આ કેસની અંદર સુ.શ્રી શીલા બારસે મહિલા પત્રકારે સર્વોચ્ચ અદાલત સમક્ષ એવા મતલબની જનહિતની અરજી કરી હતી જેની અંદર ખાસ કરીને જેલમાં રહેલ મહિલા કેદીઓ ઉપર આચરવામાં આવતી હિંસા અને પોલીસ લોકઅપમાં થતા અત્યાચાર માટે અત્યંત ધ્યાનાકર્ષક એવી દાદ માંગવામાં આવી હતી.

નમાદાર સર્વોચ્ચ અદાલતે મુંબઈની સમાજકાર્ય વિષયની નિમર્ળા નિકેતન કોલેજના અધ્યાપકોને મુંબઈની સેન્ટ્રલ જેલમાં જઈ અને મહિલાઓને વ્યકિતગત મળી તેઓની ફરીયાદ સાંભળી અને અહેવાલ આપવા જણાવાયું હતું. આ અહેવાલના આધારે સર્વોચ્ચ અદાલતે મહિલાઓ જયારે લોકઅપમાં કે જેલમાં જાય છે ત્યારે મહિલા અધિકારીની હાજરીમાં જ પુછપરચ્છ થાય, મહિલા પ્રિઝમ વોર્ડમાં મહિલા પોલીસ જ રાખવામાં આવે અને આ સર્વેના કોઈ જ પૂકારે પાયાના માનવ અધિકારોનો ભંગ ન થાય તે માટે દુરવર્તિ અસર પાડનાર એવી માર્ગદર્શક નીતી જજમેન્ટ દ્વારા જાહેર કરવામાં આવી હતી.

એસીયાર્ડ કેસ : આપણે સૌ જાણીએ છીએ કે દિલ્હીમાં એસીયાર્ડ ગેઈમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેની અંદર દિલ્હી સરકાર, દિલ્હી ડેવલોપમેન્ટ ઓથોરીટી અને કેન્દ્ર સરકાર એમ ત્રણેય સરકારી એજન્સીઓ સામેલ હતી અને ધ્યાન ઉપર એવી બાબત આવી હતી કે લેબર કોન્ટ્રાકટર દ્વારા શ્રમીક કાયદાઓનો સરેઆમ ભંગ કરવામાં આવે છે. દિલ્હી સ્થિત ધી પીપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટીક રાઈટ્સના માધ્યમથી સર્વોચ્ચ અદાલતમાં એક પત્ર દ્વારા પીટીશન કરવામાં આવી હતી. આ પીટીશનના સંદર્ભની અંદર નીચે મુજબના બે મહત્વપૂર્ણ સવાલો ઉભા થયા હતા.

(૧) અરજદારોને આવી અરજી કરવા અર્થેનો અધિકાર છે કે કેમ અને કોઈપણ પ્રકારે **Locus Standi** છે કે કેમ?

આ પ્રશ્નના સંદર્ભની અંદર જસ્ટીસ ભગવતીએ ખાસ કરીને એન્ગલો સેકશન સીસ્ટમ ઓફ જયુરીસપ્રષ્ઠડન્સ અંતર્ગત જો મુલવીએ તો આ પ્રકારનો અધિકાર નથી પરંતુ ન્યાયના ક્ષેત્રમાં જે પૂકારે માનવ અધિકારના ન્યાય શાસ્ત્રનો વિકાસ થવા માંડયો છે અને દરેકને ન્યાય મળવા અર્થેનો અધિકાર છે તેવું પૂસ્થાપીત થવા લાગ્યું છે ત્યારે જો આ પૂકારે અરજી ન કરવા દઈએ તો ગરીબ અને વંચિત વર્ગ માટે આપણે ન્યાયના દરવાજા બંધ કરીએ છીએ અને ત્યારે પરંપરાગત પૂણાલીઓને બાજુમાં મુકવી પડશે. ખાસ કરીને ભારત વર્ષની અંદર જે સ્વરૂપની આર્થિક, સામાજીક સંરચના જોવા મળે છે અને વ્યાપક સ્વરૂપે ગરીબાઈ, નીરક્ષરતા અને શોષણની સ્થિતિ જોવા મળે છે ત્યારે આ વંચિત વર્ગને ન્યાય મળવો જ જોઈએ, તે સ્થિતિમાં કોર્ટ એવું માને છે કે જયારે કોઈ

વર્ગ, સમુહને કોઈપણ સ્વરૂપે કાનૂની હાની થાય અને તેનું કારણ ગરીબી, સમર્થતા અને વંચિતપણું હોય ત્યારે પૂજામાંથી કોઈપણ વ્યકિત શુભ હેતુ સાથે આ પૂકારો અરજી કરી શકે છે.

ખાસ કરીને એસીયાર્ડ કેસની અંદર અલગ અલગ જગ્યાએ રમત ગમતના મેદાનો, રહેવા માટેના નિવાસ સ્થાનો, રસ્તાઓ અને અન્ય બાંધકામ તુરંત બાંધવાનું હતું અને સમયમર્યાદા પણ હતી, તે સ્થિતિમાં દિલ્હી સરકાર અને કેન્દ્ર સરકારે જે તે કોન્ટ્રાકટરોને કામ આપ્યું હતું. આ સંદર્ભની અંદર ધ્યાનમાં એ આવ્યું કે જે શ્રમીકોને, મહિલાઓને, બાળકોને કામે રાખવમાં આવે છે તેને અમર્યાદીત સમય માટે કામે રખાય છે, કામના કલાકોના નિયમોનું પાલન થતું નથી, કામના સ્થળ ઉપરની સ્થિતિ અત્યંત દયાજનક હતી અને વેતન પણ અપુરતું અપાતું હતું. આ સ્થિતિની અંદર કોન્ટ્રાકટર દ્વારા સરેઆમ શ્રમિક કાયદાઓ અને તેના નિયમોનું ભંગ કરવામાં આવતું હતું અને આ ભંગના સંદર્ભની અંદર ધી પીપલ્સ યુનિયન ફોર ડમોક્રેટીક રાઈટ દ્વારા આ અમાનવીય સ્થિતિ તત્કાલ દુર કરવા જાહેર હીતની અરજી કરવામાં આવી ત્યારે સર્વોચ્ચ અદાલતે અર સ્વીકારી એટલું જ નહી પરંતુ તત્કાલ કેન્દ્ર સરકાર, દિલ્હી સરકાર તેમજ દિલ્હી ડેવલોપમેન્ટ ઓથોરીટીને નોટીસ ઈસ્યું કરી અને પછીથી સમગ્ર બાબત નક્કી કરી આપી કોન્ટ્રાકટર દ્વારા કામના કલાકો, વેતન, કામના સ્થળ ઉપરની સ્થિતિ અને અન્ય મજુર કાયદાઓનું તત્કાલ પાલન કરવા આરજી દ્વારા આદેશ કર્યો હતો.

અત્રે કોર્ટે એ બાબતનું ખાસ નિરૂપણ કર્યું હતું કે નિયમ બનાવનાર અને તેના અમલીકરણની જેની ઉપર જવાબદારી છે તે સરકાર દ્વારા જ જો આ પૂકારના જો કામો ચાલી રહેલા હોય અને તેમાં જો શ્રમિક કાયદાઓનું પાલન ન થાય તો આ બાબત અત્યંત ગંભીર છે અને સરકારને આ બાબત તત્કાલ દુરસ્ત કરવા આદેશ આપ્યો હતો. મહિલાઓ અને અત્યાચારો સંદર્ભે કાયદાની વિશેષ ચર્ચા તથા ઉદાહરણ સાથે મળીએ આવતે અંકે...